# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના 48 લાખથી વધુ ખેડૂત પરિવારને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 22-મા હપ્તાની રકમ ચૂકવી.**

2) **રાજ્યના ખેડૂતોને આગામી 30 એપ્રિલ સુધી સિંચાઈ માટે નહેરમાંથી પાણી આપવા રાજ્ય સરકારનો નિર્ણય.**

3) **વિધાનસભામાં અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગની બે હજાર 256 કરોડ રૂપિયાની માગણીઓ પસાર.**

4) **રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ગરમીથી રાહત મળશે તેવી હવામાન ખાતાની આગાહી.**

5) **વલસાડનાં શિક્ષિકા મેઘા પાન્ડેએ રાષ્ટ્રીય-સ્તરની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM KISAN SAMMAN NIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામથી રાજ્યના 48 લાખ 58 હજારથી વધુ ખેડૂત પરિવારને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 22-મો હપ્તો જાહેર કર્યો. પ્રધાનમંત્રીએ વર્ચ્યૂઅલ માધ્યમથી ખેડૂત પરિવારોના ખાતામાં નવ હજાર 908 કરોડ રૂપિયાથી વધુની રકમની ચૂકવણી કરી છે. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દેશના નાના ખેડૂતો માટે સામાજિક સુરક્ષાનું એક માધ્યમ બની ગઈ છે.

(BYTE : PM MODI )

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સહાય વિતરણ કાર્યક્રમ, મેળાવડા અને કૃષિમેળામાં તમામ લોકોએ પ્રધાનમંત્રીનું જીવંત સંબોધન નિહાળ્યું હતું.

# Government briefing in West Asia

પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે ઈરાનને ઊર્જા અને માલસામાનના અવિરત પુરવઠાના મહત્વ પર ભાર મૂક્યો છે. પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રાલય સ્તર ની પત્રકાર પરિષદને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ ડૉ. મસૂદ પેઝેશ્કિયન સાથે વાત કરી હતી અને ઈરાન સહિત આ ક્ષેત્રમાં ભારતીય નાગરિકોની સલામતી અને સુખાકારી માટે ભારતની પ્રાથમિકતાનો પુનરોચ્ચાર કર્યો હતો. શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત વાતચીત અને રાજદ્વારી દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવાનું પોતાનું વલણ જાળવી રાખે છે.

(BYTE : RANDHIR-JAISWAL-ON-PM-TALK)

# FOOD DEP DEMANDS

ગુજરાત વિધાનસભામાં અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગની બે હજાર 256 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી. આ અંગે ગૃહમાં વાત કરતા મંત્રી રમણ સોલંકીએ સરકાર અંત્યોદયના સ્વપ્નને સાકાર કરવા કાર્યરત્ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, અંદાજપત્રમાં રાજ્યના અંદાજે 75 લાખ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ – NFSA પરિવારોને અન્ન સુરક્ષા પૂરી પાડવા 700 કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અને લોકોને સબસિડીનો સીધો લાભ પહોંચાડવા ટૅક્નોલૉજીનો વ્યાપ વધારાયો હોવાનું પણ શ્રી સોલંકીએ ઉમેર્યું.

# JAL SANCHAY KAMGIRI

રાજ્યમાં જળસંચયના પ્રથમ અને દ્વિતીય તબક્કા હેઠળ કુલ બે લાખ 27 હજારથી વધુ કામ કરાયા. ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં પાણી પૂરવઠા મંત્રી ઇશ્વરસિંહ પટેલે કહ્યું, દેશમાં અનિયમિત વરસાદ અને વધતી જતી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા જળસંચય જન ભાગીદારી અભિયાન શરૂ કરાયું છે. તે અંતર્ગત બોરવેલને ફરીથી ભરવાના કામ, ચેકડૅમ, છત પર પડતા વરસાદી સંગ્રહવાની, તળાવ ઉંડા કરવા અને પંચાયત–ગ્રામવિકાસ જેવા વિભાગના સંકલનથી 17 પ્રકારના જળસંચયના કામ કરવામાં આવી રહ્યા છે.

આ અભિયાનમાં દેશના ટોચના 10 જિલ્લામાં સુરત પ્રથમ ક્રમે, જ્યારે જળસંચયના કામોમાં ગુજરાત સમગ્ર દેશમાં છઠ્ઠા ક્રમે હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# KHEDUT SINCHAI PAANI

રાજ્યમાં આગામી 30 એપ્રિલ સુધી સિંચાઈ માટે જળસંપત્તિ હેઠળ આવતી નહેરમાંથી પાણી ચાલુ રખાશે. આ અંગે જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે કહ્યું, આ વર્ષે રવિ મોસમની પાકની લણણીમાં મોડું થવાની શક્યતા છે. તેવામાં ખેડૂત આગેવાનોની માગણીને ધ્યાને રાખી રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. અગાઉ 11 તારીખે ઉચ્ચકક્ષાની બેઠકમાં પીવાના પાણી અને અન્ય આરક્ષણને ધ્યાને લઈ ખેડૂતોના હિત અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# SAURASHTRA GHED

સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં એક હજાર 423 કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી અપાઈ છે. ભારે પૂરને કારણે ધોવાઇ જતાં ખેતરોને સુરક્ષિત કરવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો હોવાનું જળસંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યુ.

તેમણે કહ્યું જૂનાગઢના કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકા તથા પોરબંદરના પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકામાં સૌરાષ્ટ્રની ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર વગેરે નદીના મુખત્રિકોણ પ્રદેશથી બનેલા ઘેડ વિસ્તારના 6 તાલુકાના ગામ અને ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. પહેલા તબક્કાના 17 અને બીજા તબક્કાના 12 કામ આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું.

# KACHCHH GAS BOTTLE

પશ્ચિમ કચ્છ સ્થાનિક ગુનાશાખા – LCBની ટીમે ગેરકાયદે ગેસનો સંગ્રહ અને વેચાણ સામે કાર્યવાહી કરી છે. ટીમે 174 જેટલા બાટલા સાથે એક લાખ 59 હજાર 800 રૂપિયાનો સામાન કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# DAMAN GAS NO SHORTAGE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાંધણ ગેસની અછતની અફવાઓના કારણે લોકોની લાંબી કતાર જોવા મળી. જિલ્લામાં ગેસની કોઈ અછત નથી અને જથ્થો પૂરતા પ્રમાણમાં હોવાનું દમણના નાયબ કલેક્ટર પ્રિયાંશુ સિંહે જણાવ્યું.

(BYTE: PRIYANSHU SINGH, DEPUTY COLLECTOR, DAMAN)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HARSH SANGHAVI BHARUCH

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આદિવાસી સમુદાયના લોકોને જળ, જંગલ અને જમીનના સાચા રક્ષક ગણાવ્યા. તેમણે વિદેશી તાકાત સામે લડત આપનારા આદિવાસી સમુદાયના લોકોની પ્રશંસા પણ કરી હતી. ભરૂચના નેત્રન્ગમાં આદિવાસી ગૌરવ સંમેલનને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું કે આદિવાસી સમુદાયના વિસ્તારમાં નવા મોબાઈલ ટાવર બનાવાશે.

(BYTE: HARSH SANGHAVI)

# AMDAVAD RTO DRIVE

અમદાવાદમાં વાહનોમાં ગેરકાયદે સફેદ LED લાઈટ લગાવનારા વાહનચાલકો પાસેથી 10 લાખ રૂપિયાથી વધુનો દંડ વસૂલ કરાયો છે. પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી – RTO દ્વારા જાન્યુઆરીથી અત્યાર સુધીમાં એક હજાર 21 જેટલા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું અમદાવાદ RTO નીરવ બક્ષીએ જણાવ્યું.

(BYTE: NIRAV BAKSHI, RTO, AHMEDABAD)

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અકસ્માતની વધતી ઘટનાની જોતા રાજ્ય વાહનવ્યવહાર કમિશનરે ગેરકાયદે સફેદ LED લાઈટ લગાવનારા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

# AMBAJI BHOJNALAY

શક્તિપીઠ અંબાજી મંદિરના અંબિકા ભોજનાલયમાં ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું ભોજનાલયના મેનેજર હરદાસ પરમારે જણાવ્યું. જરૂર પડે તો લાકડાના ચૂલા પર પણ રસોઈ બનાવીને શ્રદ્ધાળુઓ માટે ભોજન પ્રસાદ તૈયાર કરશે. હાલ પાંચ હજાર જેટલા શ્રદ્ધાળુઓને નિઃશુલ્ક ભોજન પીરસવામાં આવે છે.

(BYTE: HARDAS PARMAR, MANAGER, AMBAJI BHOJANALAY)

# EVE WEATHER FORECAST

રાજ્યના કેટલાક શહેરમાં ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચ્યો છે. તેવામાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે. દરમિયાન આગામી 18થી 19 માર્ચ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર વરસાદ પણ પડી શકે છે તેમ, હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

# VALSAD SILVER MEDAL

વલસાડનાં શિક્ષિકા મેઘા પાન્ડેએ રાષ્ટ્રીય-સ્તરની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. ચંદીગઢમાં યોજાયેલી અખિલ ભારતીય મુલ્કી પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં પારડી સાંઢપોર પ્રાથમિક શાળાનાં શિક્ષિકાએ આ સિદ્ધિ મેળવી છે. તેમણે ગુજરાત સેક્રેટરિએટ તરફથી ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

મક્કમ નિર્ધાર અને મહેનતથી સફળતાના શિખર સર કરનારાં મેઘા પાન્ડેની આ સિદ્ધિ બદલ શાળાના શિક્ષકો, રમતપ્રેમીઓ અને પરિવારજનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. મેઘા પાન્ડેએ કડક શિસ્ત અને યોગ્ય આહારશૈલીને તેમની સફળતાનું કારણ ગણાવ્યું હતું.

# VADODARA SWIMMING MEDAL

રાજ્યસ્તરની તરણ સ્પર્ધામાં વડોદરા તરણ સ્પર્ધકોએ 43 સુવર્ણ, 23 રજત અને 19 કાંસ્ય ચંદ્રક મળી કુલ 115 ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં વડોદરા, ભાવનગર અને હિમ્મતનગરમાં રમાયેલી રાજ્યસ્તરની સ્પર્ધામાં વડોદરાના ખેલાડીઓએ આ સિદ્ધિ મેળવી છે. આ તમામ ખેલાડી સમા ઘરેલુ રમતગમત સંકુલ ખાતે ગુજરાત રમતગમત સત્તામંડળ હેઠળ તાલીમ લઈ રહ્યાં છે.